વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરી
**નવસારી કૃષિ યુનિવર્સિટી**
એરૂ ચાર રસ્તા, નવસારી–૩૯૬૪૫૦
ફોન : ૦૨૬૩૭–૨૮૨૦૨૬, ફેકસ : ૦૨૬૩૭–૨૮૨૭૦૬ e-mail :dee@nau.in, Website : www.nau.in

**વંચાણે :** (૧) ગુજરાત સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના પત્ર જા.નં.પરચ/૧૦૨૦૧૪/૧૮૬૦/મ–૩ તા.૨૧/૧૦/૨૦૧૪
(૨) આ કચેરીના પરિપત્ર જા.નં. નકૃયુ/વિશિનિ/ટી–૧/૫૨૫૪–૫૩૦૪/૨૦૧૪ નવસારી તા. ૧૭/૧૧/૨૦૧૪

# પરિપત્ર

## કૃષિ વિકાસ વર્ષ ૨૦૧૪–૧૫ અંતર્ગત આયોજીત થનાર કૃષિ પ્રદર્શનમાં ભાગ લેવા બાબત

જયભારત સહ જણાવવાનું કે, રાજય સરકારશ્રી તરફથી વર્ષ ૨૦૧૪–૧૫ ને કૃષિ વિકાસ વર્ષ તરીકે ઉજવવાનું જાહેર કરવામાં આવેલ છે. આ અંગે સરકારશ્રી તરફથી મળેલ સૂચનાઓ અન્વયે નવસારી કૃષિ યુનિવર્સિટી દ્વારા દક્ષિણ ગુજરાતના બન્ને એગ્રો કલાઈમેટીક ઝોનમાં એક–એક કૃષિ પ્રદર્શનનું આયોજન કરવાનું થાય છે. આ માટે વંચાણે લીધેલ પત્ર ક્રમાંક–૨ અનુસાર નીચે પ્રમાણે કૃષિ પ્રદર્શન યોજવાનું નકકી કરવામાં આવેલ છે.

| | | | |
|---|---|---|---|
| **(૧)** | **એગ્રો કલાઈમેટીક ઝોન–૧ : દક્ષિણ ગુજરાત ભારે વરસાદવાળો પ્રદેશ** | | |
| | ૧. | કૃષિ પ્રદર્શનનો વિષય | : ઝોનના મુખ્ય પાકોની ટેકનોલોજી |
| | ૨. | કૃષિ પ્રદર્શનના કન્વીનર | : ડૉ. એમ.કે.એરવાડીયા, ડીનશ્રી, ન.મ.કૃષિ મહાવિદ્યાલય, નકૃયુ, નવસારી |
| | ૩. | કૃષિ પ્રદર્શનના સહ કન્વીનર | : ડો.લલિત ઘેટીયા, સહ પ્રાધ્યાપક (કીટકશાસ્ત્ર),નમકૃમ, નવસારી |
| | ૪. | તારીખ | **: ૧૬–૧૭/૧૨/૨૦૧૪** |
| | ૫. | સ્થળ | : પ્લે ગ્રાઉન્ડ, નકૃયુ, નવસારી |
| | ૬. | સ્ટોલની સંખ્યા અને સાઈઝ | : ૫૦ – દરેક સ્ટોલ ૧૦×૧૫ ચો.ફૂટનો |
| | ૭. | સ્ટોલનો પ્રકાર | : આત્મા પેટર્ન પ્રમાણે સાદા કાપડનો સ્ટોલ |
| | | | |
| **(૨)** | **એગ્રો કલાઈમેટીક ઝોન–૨ : દક્ષિણ ગુજરાત પ્રદેશ** | | |
| | ૧. | કૃષિ પ્રદર્શનનો વિષય | : ઝોનના મુખ્ય પાકોની ટેકનોલોજી |
| | ૨. | કૃષિ પ્રદર્શનના કન્વીનર | : સંશોધન વૈજ્ઞાનિકશ્રી(કપાસ), મુખ્ય કપાસ સંશોધન કેન્દ્ર, નકૃયુ, સુરત |
| | ૩. | કૃષિ પ્રદર્શનના સહ કન્વીનર | : ડીનશ્રી, ગુજરાત એગ્રીકલ્ચરલ બાયોટેકનોલોજી ઈન્સ્ટીટયુટ,નકૃયુ, સુરત |
| | ૪. | તારીખ | **: ૦૮–૦૯/૦૧/૨૦૧૫** |
| | ૫. | સ્થળ | : મુખ્ય કપાસ સંશોધન કેન્દ્ર, નકૃયુ, સુરત |
| | ૬. | સ્ટોલની સંખ્યા અને સાઈઝ | : ૫૦ – દરેક સ્ટોલ ૧૦×૧૫ ચો.ફૂટનો |
| | ૭. | સ્ટોલનો પ્રકાર | : આત્મા પેટર્ન પ્રમાણે સાદા કાપડનો સ્ટોલ |

ઉપર્યુકત બન્ને કૃષિ પ્રદર્શનમાં ૫૦ સ્ટોલ્સ પૈકી ૨૦ સ્ટોલ નવસારી કૃષિ યુનિવર્સિટીના, ૧૦ સ્ટોલ લાઈન ડીપાર્ટમેન્ટસ ના, ૨ સ્ટોલ બેસ્ટ પ્રેકટાઈસીસ (ઈનોવેટીવ ફાર્મર્સ)ના અને ૧૮ સ્ટોલ ઈનપુટ ડીલર્સના રહેશે. નવસારી કૃષિ યુનિવર્સિટીના ૨૦ સ્ટોલમાં ખેડૂતોને છેલ્લામાં છેલ્લી કૃષિ ટેકનોલોજી અંગે માહિતી મળી રહે તે હેતુસર આ સાથે સામેલ પરિશિષ્ટ–૧માં દશાવેલ વિભાગોને સ્ટોલ પ્રદર્શનની કામગીરી સોંપવામાં આવે છે. આ વિભાગોએ તેઓના સબંધિત અન્ય પેટા કેન્દ્રો/વિભાગો સાથે સંકલન કરીને કૃષિ પ્રદર્શનમાં પોતાના વિભાગની અદ્યતન કૃષિ ટેકનોલોજી પ્રદર્શિત કરવાની રહેશે. એક સ્ટોલમાં ૩'×૫'ના ૯ પોસ્ટર અને બે સ્ટોલમાં ૩'×૫'ના ૧૪ પોસ્ટર તૈયાર કરીને પ્રદર્શિત કરવાના રહેશે. પોસ્ટર તૈયાર કરવાની કામગીરી માટે અત્રેની કચેરીના ડો.આર.એમ. નાયકનો સંપર્ક કરવો. પોસ્ટરની સાથે જીવંત નમૂનાઓ, મોડેલ, રેપ્લિકા, કટ મોડલ્સ વિ. પણ પ્રદર્શિત કરવાના રહેશે. આ માટે દરેક સ્ટોલમાં ૩'×૨' ના ૩ નંગ ટેબલની સુવિધા રાખેલ છે. કૃષિ પ્રદર્શનનો સમય બન્ને દિવસ માટે સવારે ૯.૦૦થી સાંજના ૬.૦૦ કલાક સુધીનો રહેશે. પ્રથમ નવસારી ખાતે યોજાનાર કૃષિ પ્રદર્શનના પોસ્ટરો ફાટે નહીં તે રીતે કાળજીપૂર્વક ઉતારીને સુરત ખાતે યોજાનાર કૃષિ પ્રદર્શનમાં તેનો પુનઃ ઉપયોગ કરવાની જવાબદારી જે તે વિભાગની રહેશે.

## પરિશિષ્ટ–૧

| અ. નં. | પાક/વિષય/ટેકનોલોજી | ટેકનોલોજી પ્રદર્શિત કરનાર વિભાગનું નામ | સ્ટોલની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | શેરડી | સંશોધન વૈજ્ઞાનિકશ્રી, વિભાગીય શેરડી સંશોધન કેન્દ્ર, ન.કૃ.યુ.,નવસારી | ૧ |
| ૨ | ડાંગર | સંશોધન વૈજ્ઞાનિકશ્રી, મુખ્ય ચોખા સંશોધન કેન્દ્ર, ન.કૃ.યુ., નવસારી | ૧ |
| ૩ | કપાસ | સંશોધન વૈજ્ઞાનિકશ્રી, મુખ્ય કપાસ સંશોધન કેન્દ્ર, ન.કૃ.યુ., અઠવા લાઈન્સ, સુરત | ૨ |
| ૪ | જુવાર | સંશોધન વૈજ્ઞાનિકશ્રી, મુખ્ય જુવાર સંશોધન કેન્દ્ર, ન.કૃ.યુ., અઠવા લાઈન્સ, સુરત | ૧ |
| ૫ | કઠોળ અને તેલિબીયાં પાકો | નોડલ ઓફિસર, કઠોળ/ તેલિબીયાં  સંશોધન યુનિટ, ન.કૃ.યુ.,નવસારી | ૧ |
| ૬ | હલકાં ધાન્ય પાકો | સંશોધન વૈજ્ઞાનિકશ્રી, હલકાં ધાન્ય સંશોધન કેન્દ્ર, ન.કૃ.યુ., વઘઈ, જિ.ડાંગ | ૧ |
| ૭ | બાગાયત (હાઈટેક હોર્ટિકલ્ચર) | આચાર્યશ્રી, અસ્પી બાગાયત–વ–વનીય મહાવિદ્યાલય, ન.કૃ.યુ., નવસારી | ૨ |
| ૮ | ફોરેસ્ટ્રી | આચાર્યશ્રી, ફોરેસ્ટ્રી કોલેજ, ન.કૃ.યુ., નવસારી | ૧ |
| ૯ | જળ અને જમીન વ્યવસ્થાપન | સંશોધન વૈજ્ઞાનિકશ્રી (જળ અને જમીન), ન.કૃ.યુ., નવસારી | ૨ |
| ૧૦ | પાક સંરક્ષણ | પ્રાધ્યાપકશ્રી(કૃષિ કીટકશાસ્ત્ર), પ્રાધ્યાપકશ્રી(પ્લાન્ટ પેથોલોજી), નમકૃમ, નવસારી | ૧ |
| ૧૧ | કૃષિ ઈજનેરી | પ્રાધ્યાપકશ્રી(કૃષિ ઈજનેરી), ન.મ.કૃ.મ., ન.કૃ.યુ.,નવસારી | ૧ |
| ૧૨ | પોસ્ટ હાર્વેસ્ટ ટેકનોલોજી | પ્રાધ્યાપકશ્રી(કૃષિ ઈજનેરી), ન.મ.કૃ.મ., ન.કૃ.યુ.,નવસારી | ૧ |
| ૧૩ | સજીવ ખેતી | આચાર્યશ્રી, અસ્પી બાગાયત–વ–વનીય મહાવિદ્યાલય, ન.કૃ.યુ., નવસારી | ૧ |
| ૧૪ | પશુપાલન | આચાર્યશ્રી, વનબંધુ પશુચિકિત્સા–વ–પશુપાલન મહાવિદ્યાલય, નવસારી | ૧ |
| ૧૫ | મત્સ્યપાલન | સંશોધન વૈજ્ઞાનિકશ્રી (જળ અને જમીન), ન.કૃ.યુ., નવસારી | ૧ |
| ૧૬ | કૃષિ વિકાસમાં આઈ.ટી.નો ઉપયોગ | નિયામકશ્રી, આઈ.ટી., ન.કૃ.યુ.,નવસારી | ૧ |
| ૧૭ | કૃષિ સાહિત્ય, ઈન્વોકેશન ગીત અને યુનિ. ડોકયુમેન્ટરી ફીલ્મ | સરદાર સ્મૃતિ કેન્દ્ર અને એટીક, ન.કૃ.યુ., નવસારી | ૧ |
| | | કુલ | ૨૦ |

**નોંધ :**
- ઉપરોકત તમામ વિભાગોએ નવસારી અને સુરત ખાતે યોજાનાર કૃષિ પ્રદર્શનમાં ભાગ લેવાનો રહેશે.
- નવસારી અને સુરત ખાતે યોજાનાર કૃષિ પ્રદર્શનમાં ઈનોવેટીવ ફાર્મર્સની બેસ્ટ પ્રેકટાઈસીસના બે સ્ટોલ માટે ખેડૂતોની પસંદગી, પોસ્ટરની માહિતી અને ખેડૂતોને લાવવા–લઈ જવાની વ્યવસ્થા જે તે જિલ્લાના કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા કરવાની રહેશે.

### ►નવસારી ખાતે કૃષિ પ્રદર્શનમાં ભાગ લેવા સબંઘી સૂચનાઓ:

૧. દરેક વિભાગે પ્રદર્શન સામગ્રી તા.૧૫/૧૨/૨૦૧૪ના રોજ સાંજના ૫.૦૦ કલાક સુધીમાં ગોઠવી દેવાની રહેશે.

૨. દરેક વિભાગમાંથી જરૂર મુજબ બે જવાબદાર કર્મચારી/અધિકારીઓને કૃષિ પ્રદર્શનના સ્ટોલમાં પ્રદર્શન સામગ્રી ગોઠવવા તથા મુલાકાતી ખેડૂતોને માહિતી આપવા માટે મોકલવાના રહેશે.

૩. જે વિભાગો પાસે કૃષિ સાહિત્ય ઉપલબ્ધ હોય તો તે મુલાકાતી ખેડૂતોને આપવા માટે સાથે રાખવાનું રહેશે.

૪. કૃષિ પ્રદર્શન/સ્ટોલ્સના કન્વીનર અને સહ કન્વીનર  તરીકે નીચેના અધિકારીઓ ફરજ બજાવશે.

**કન્વીનર :** ડાં.એમ.કે.એરવાડીયા, ડીનશ્રી, ન.મ. કૃષિ મહાવિદ્યાલય, નકૃયુ, નવસારી મો. ૯૯૨૫૨૨૯૭૩૨
**સહ કન્વીનર :** ડો.લલિત ઘેટીયા, સહ પ્રાધ્યાપક (કીટકશાસ્ત્ર),નમકૃમ, નકૃયુ, નવસારી મો. ૯૭૨૫૦૦૬૦૨૧

**►સુરત ખાતે કૃષિ પ્રદર્શનમાં ભાગ લેવા સબંઘી સૂચનાઓ:**

૧. નવસારી સ્થિત કેન્દ્રો/વિભાગોએ પ્રદર્શન સામગ્રી અત્રેની કચેરીની મીનીબસમાં લઈ જવાની રહેશે, જે તા.૭/૧/૨૦૧૫ ના રોજ બપોરે ૧૨.૩૦ કલાકે ન્યુ કીસાનઘર, નકૃયુ, નવસારી ખાતેથી ઉપડશે.

૨. ખાસ સાચવીને/જાળવીને લઈ જવી પડતી હોય તેવી ખાસ પ્રદર્શન સામગ્રી જે તે વિભાગે અત્રેની કચેરીને અગાઉથી જાણ કરીને પોતાના વિભાગના વાહનમાં લઈ જવાની રહેશે.

૩. નવસારી બહારના કેન્દ્રો/વિભાગોએ પ્રદર્શન સામગ્રી પોતાના વિભાગના વાહનમાં લઈ જવાની રહેશે.

૪. દરેક કેન્દ્રો/વિભાગોએ પ્રદર્શન સામગ્રી તા.૦૭/૦૧/૨૦૧૫ના રોજ સાંજના ૫.૦૦ કલાક સુધીમાં ગોઠવી દેવાની રહેશે.

૫. દરેક વિભાગમાંથી જરૂર મુજબ બે જવાબદાર કર્મચારી/અધિકારીઓને કૃષિ પ્રદર્શનના સ્ટોલમાં પ્રદર્શન સામગ્રી ગોઠવવા તથા મુલાકાતી ખેડૂતોને માહિતી આપવા માટે મોકલવાના રહેશે.

૬. જે વિભાગો પાસે કૃષિ સાહિત્ય ઉપલબ્ધ હોય તો તે મુલાકાતી ખેડૂતોને આપવા માટે સાથે રાખવાનું રહેશે.

૭. બસના કન્વીનર અને સહ કન્વીનર તરીકે નીચેના અધિકારીઓ ફરજ બજાવશે.

**કન્વીનર :** ડો.આર.એમ.નાયક, મવિશિશા, વિશિનિશ્રીની કચેરી, નકૃયુ, નવસારી મો. ૯૬૬૨૫૩૨૮૧૬
**સહ કન્વીનર :** શ્રી જે.એન.ઝાલા, ખેતીવાડી અધિકારી, સ.સ્મૃ.કે., નકૃયુ, નવસારી મો. ૮૧૨૮૬૮૯૬૮૮

૮. કૃષિ પ્રદર્શન/સ્ટોલ્સના કન્વીનર અને સહ કન્વીનર તરીકે નીચેના અધિકારીઓ ફરજ બજાવશે.

**કન્વીનર :** ડૉ.બી.જી.સોલંકી, સંશોધન વૈજ્ઞાનિકશ્રી(કપાસ), મુખ્ય કપાસ સંશોધન કેન્દ્ર, નકૃયુ, સુરત મો.
**સહ કન્વીનર :** ડૉ. આર.એમ.પટેલ, ડીનશ્રી, ગુજરાત એગ્રીકલ્ચરલ બાયોટેકનોલોજી ઈન્સ્ટીટયુટ,નકૃયુ, સુરત મો.

ઉપરોકત પરિપત્ર મા.કુલપતિશ્રીની મંજુરી મેળવીને યુનિવર્સિટીના કામકાજના હિતમાં બહાર પાડવામાં આવે છે, જેનો ચૂસ્તપણે અમલ થવા વિનંતી છે.

**વિસ્તરણ શિક્ષણ નિયામક**

જા.નં. નકૃયુ/વિશિનિ/ટી–૧/૫૩૬૯–૫૪૨૩/૨૦૧૪
નવસારી તા. ૨૪/૧૧/૨૦૧૪

**<u>નકલ સવિનય રવાના</u> :**

૧. મા. કુલપતિશ્રીના અંગત સચિવશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી તરફ જાણ સારું.
૨. સંશોધન નિયામક અને અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી તરફ જાણ સારું.
૩. ખેતી નિયામકશ્રી / બાગાયત નિયામકશ્રી / પશુપાલન નિયામકશ્રી, કૃષિભવન, સેકટર–૧૦ એ, ગાંધીનગર
૪. નિયામકશ્રી, સમેટી અને સ્ટેટ નોડેલ ઓફિસર, આત્મા, પી–૭, એમ–ફલોર, કૃષિભવન, સેકટર ૧૦–એ, ગાંધીનગર
૫. સહ પ્રાધ્યાપકશ્રી, રાજય કૃષિ યુનિવર્સિટી પરિષદ, કૃષિભવન, સેકટર–૧૦/એ, પોડીયમ લેવલ,ગાંધીનગર–૩૮૨૦૧૦
૬. નવસારી કૃષિ યુનિવર્સિટીના તમામ યુનિવર્સિટી અધિકારીશ્રીઓ
૭. સયુંકત ખેતી નિયામકશ્રી, સુરત / વડોદરા

**<u>નકલ જયભારત સહ રવાના</u> :** જાણ તથા ઘટતું થવા સારું.

૧. જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી, જિલ્લા પંચાયત ભવન, વલસાડ / ડાંગ / નવસારી / સુરત / તાપી / ભરૂચ / નર્મદા
૨. નાયબ બાગાયત નિયામકશ્રી, વલસાડ / ડાંગ / નવસારી / સુરત / તાપી / ભરૂચ / નર્મદા
૩. પ્રોજેકટ ડાયરેકટરશ્રી (આત્મા), વલસાડ / ડાંગ / નવસારી / સુરત / તાપી / ભરૂચ / નર્મદા
૪. નવસારી કૃષિ યુનિવર્સિટીના તમામ યુનિટ/સબ યુનિટ હેડ
૫. ઉપર દર્શાવેલ વિભાગો/કેન્દ્રોના વડાઓ
૬. અત્રેની કચેરીમાં ટી–૩ ટેબલ તરફ ડ્રાઈવર અને ડીઝલ સાથે મીનીબસની વ્યવસ્થા કરવા સારું.